## સંગ્રામ ગુજરાતનો

# તમે ખાલી ધારાસભ્ય બનાવો, શંકર ચૌધરીને પાર્ટી મોટું સ્થાન આપશે: શાહ

### ૩૭૦ની કલમને કોંગ્રેસે વહાલા દીકરાની જેમ પંપાળી : કોંગ્રેસ હંમેશા વોટ બેંક માટે કામ કરે છે

બનાસકાંઠા, તા.૨૨

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાત પ્રવાસે છે. અહીં અમિત શાહ ચાર ચૂંટણી સભા સંબોધશે. તેમણે થરાદમાં ચૂંટણી સભા યોજી હતી. થરાદમાં અમિત શાહે શંકર ચૌધરીને લઈને મોટું નિવેદન આપવામાં આવ્યું હતું. તેમણે સભા દરમિયાન જણાવ્યું હતું કે, "તમે માત્ર ધારાસભ્ય બનાવો, શંકર ચૌધરીને પાર્ટીમાં મોટું સ્થાન આપીશું" આ સાથે, લોકોને પણ શંકર ચૌધરીને મત આપવા અપીલ કરી હતી.અમિત શાહે ડિસામાં સભાને સંબોધતા જણાવ્યું કે, કોંગ્રેસના રાજ્યમાં રમખાણ થતા હતા, જેમાં ૩૫૦ દિવસમાંથી ૩૦૦ દિવસ કરફ્યુ રહેતો હતો. જ્યારે અહીં ૨૦૦૨ પછી કોઈ એક દિવસ પણ કોઈ કરફ્યુ નથી થયું. આ સાથે જ તેમણે કોંગ્રેસ પર કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, અહીં પાણી જે પહોંચ્યું તે કોંગ્રેસમાં દમ હોત તો ૨૫ વર્ષ પહેલાં પહોંચી ગયું હોત.



તેમણે જનતાને સવાલ પુછ્યો હતો કે, કાશ્મીર આપણું છે કે નહીં, ૩૭૦ ની કલમ જવાહરલાલ નહેરુ મૂકીને ગયા હતા તેમની ૪ પેઢીએ રાજ્ય કર્યું, ૩૭૦ની કલમને તેમણે વહાલા દીકરાની જેમ પંપાળી હતી. જ્યારે આપણા મોદી સાહેબે ૩૭૦ કલમને એક ઝાટકે હટાવી દીધી."

અમિત શાહે તેમની સભામાં કોંગ્રેસ પર નિશાન સાધતા જણાવ્યું હતું કે, સોનિયા -મનમોહનની સરકાર ૧૦ વર્ષ ચાલી તેમાં રોજ પાકિસ્તાનથી આલિયા-માલિયા જમાલિયા ઘુસી જતા હતા, પરંતુ નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં આપણે પાકિસ્તાનમાં જઈને એરસ્ટ્રાઈક કરી. છતાં પણ રાહુલ ગાંધી અને કેજરીવાલ એર સ્ટ્રાઈકના પુરાવા માંગતા હતા.આ સાથે જ, ખંભાત ખાતે પણ તેમણે સભા યોજી હતી. તેમણે જણાવ્યું કે, 'કોંગ્રેસે પોતાના શાસનમાં ગરીબોને લૂંટ્યા જ છે. કોંગ્રેસ હંમેશા વોટ બેંક માટે કામ કરે છે. રામ મંદિર પણ વોટ બેંક માટે જ ન બનાવ્યું.' નોંધનીય છે કે, આ બાદ તેઓ ૨ વાગે થરાદ, ૪ વાગે ડીસા અને રાત્રે ૮.૦૦ વાગે અમદાવાદની સાબરમતિ બેઠક પર પણ જાહેર સભા કરશે.

ખંભાતમાં અમિત શાહે જણાવ્યુ છે કે, કોંગ્રેસને સરદાર સાહેબનું નામ લેવાનો અધિકારી નથી, કોંગ્રેસે માત્ર વોટબેંકની ચિંતા કરી. અમિત શાહે જનસભાને સંબોધતા જણાવ્યુ કે, ભાજપ પર ખંભાતનું મોટુ ઋણ છે. કોંગ્રેસવાળા નવા કપડા પહેરીને આવી ગયા છે.

કોંગ્રેસને વોટ આપશો તો ફરી રમખાણો થશે. અમે કોઈ વોટબેંકથી નથી ડરતા. કોંગ્રેસે વોટબેંક માટે જ રામ મંદિર બનાવ્યું ન હતુ. કોંગ્રેસે હંમેશા સરદાર સાહેબનું અપમાન કર્યુ છે. કોંગ્રેસવાળા સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા નથી જતા.તેમણે વધુમાં જણાવ્યુ કે, કોંગ્રેસ સત્તામાં નથી તો કોંગ્રેસે કયા કામ કર્યા તે સમજાતુ નથી. આજકાલ કોંગ્રેસ સરદાર સાહેબનું નામ લે છે પરંતુ નરેન્દ્રભાઈએ સરદાર સાહેબને સન્માન અપાવ્યુ. આ સાથે તેમમે જણાવ્યુ કે, 'કોંગ્રેસે ૩૭૦ ની કલમ ન હટાવી કેમ કે, એમની વોટબેંક તૂટી જાય.

આ સાથે અર્થતંત્ર અંગે જણાવ્યુ કે, દુનિયાભરના અર્થતંત્રમાં ભારતનું મજબૂત થયું છે. મનમોહને ૧૧માં નંબરે અર્થતંત્રને રાખ્યું હતુ.

ભાજપે અર્થતંત્રને મજબૂત બનાવ્યુ. નરેન્દ્રભાઈ અર્થતંત્રને પાંચમાં નંબર સુધી લાવ્યા. આ સાથે ટ્રિપલ તલાક અંગે જણાવ્યુ કે, ત્રિપલ તલાક હટાવાતા કોંગ્રેસના પેટમાં તેલ રેડાયું છે.

### નણંદ-ભાભીનો જંગ જામ્યો

# જામનગરમાં જાડેજા પરિવાર ચૂંટણીમાં સામસામે આવ્યો

### કોંગ્રેસ મહિલા નેતા નયનાબા જાડેજાએ ભાજપના ઉમેદવાર અને ભાભી રિવાબા જાડેજા સામે આકરા આક્ષેપો કર્યા છે

જામનગર, તા.૨૨

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે જામનગરમાં જાડેજા પરિવાર સામસામે આવી ગયો છે. જામનગર ઉત્તર વિધાનસભા બેઠક પર ભાજપે ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રીવાબા જાડેજાને ટિકિટ આપી છે, ત્યારે કોંગ્રેસ પ્રદેશ મહિલા મોરચાના મંત્રી અને રવિન્દ્ર જાડેજાના બહેન નયનાબા કોંગ્રેસના બિપેન્દ્રસિંહ જાડેજાના સમર્થનમાં છે. જેને લઈને નયનાબાએ રીવાબા પર આક્ષેપ કર્યા છે. જામનગરમાં કોંગ્રેસ મહિલા નેતા નયનાબા જાડેજાએ ભાજપના ઉમેદવાર અને ભાભી રિવાબા જાડેજા સામે આકરા આક્ષેપો કર્યા છે. નયનાબા જાડેજાએ જણાવ્યું છે કે, જામનગર ૭૮ ઉત્તર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર રિવાબા જાડેજાનું રાજકોટમાં મતદાન મથક છે. તો તેમને રાજકોટના ઉમેદવાર તરીકે ફોર્મ ભરવું જોઈએ નહીં. પોતે પોતાને મત આપી શકે તેમ નથી તો લોકો પાસે કેમ મત માંગો છો? ૭૮ વિધાનસભા બેઠકના લોકો આયાતી ઉમેદવારને મત કેમ આપશે? ચૂંટણી બાદ તે રાજકોટમાં જ રહેવાના છે. નયનાબાએ રિવાબાને આડે હાથ લેતા જણાવ્યું કે, તમે સૌથી વધુ સમય તો વિદેશના પ્રવાસે હોવ છો, તો તમે લોકોની સ્થિતિ કંઈ રીતે જાણશો. રીવાબાએ ઈવીએમ મશીનમાં



પોતાનું નામ રીવાસી હરદેવસિંહ સોલંકી રાખ્યું છે. રવીન્દ્રસિંહ જાડેજાનું નામ બ્રેકેટમાં છે. શું છ વર્ષમાં તેમને સરનેમ ચેન્જ કરાવવાનો સમય ન મળ્યો કે ખાલી પબ્લિસીટી માટે જ રવિન્દ્રસિંહના નામનો ઉપયોગ કર્યો? નયનાબાએ જણાવ્યું કે, હું મારી ફરજ નિભાવી રહી છું એટલે આ બેઠક પૂરતો જ બોલવાનો મને અધિકાર હોવો જોઈએ. રીવાબાનું નામ રાજકોટમાં બોલે છે, જેથી તેમને ત્યાં બોલવું જોઈએ અને ત્યાં ઉમેદવારી નોંધાવવી જોઈએ. અહીંયા મત માંગવાનો તમને જરા પણ અધિકાર નથી. મહત્વનું છે કે ભાજપે જામનગર ઉત્તર બેઠક પર ધારાસભ્ય હકુભા જાડેજાની ટિકિટ કાપીને ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રિવાબા જાડેજાને ટિકિટ આપી છે.

### આધ્યાએ લખેલી કવિતા મોદીને સંભળાવી

# નરેન્દ્ર મોદી સાથે નાનકડી આધ્યાનો વીડિયો વાયરલ

### કવિતા સાંભળી પીએમ મોદી પણ ખુશ થયા હતા અને તેમણે તાળીઓ વગાડીને બાળકીના ઉત્સાહને બેવડાયો હતો

સુરેન્દ્રનગર, તા.૨૨

ગુજરાતનાં રાજકારણમાં પીએમ મોદીની સૌથી નાની ફેન અને ભાજપની સૌથી નાની પ્રચારક ચર્ચાનું કેન્દ્ર બની છે. તેણે આપેલી સ્પિચથી પીએમ નરેન્દ્ર મોદી પણ પ્રભાવિત થયા છે. આ નાની ભાજપ પ્રચારકના ચહેરા પર ગજબનો આત્મવિશ્વાસ દેખાઈ રહ્યો હતો. તેની બોલવાની છટા કોઈ નેતાથી જરા પણ કમ નથી. સાથે તેણે કેસરિયો ખેસ પણ ધારણ કર્યો હતો. ત્યારે આ બાળકીને મળીને સુરેન્દ્રનગરમાં પીએમ મોદીનો બાળક પ્રેમ ફરીથી દેખાયો છે. એકદમ નેતાના અંદાજમાં ભાષણ આપી રહેલી આ બાળકી પીએમ મોદીની સૌથી નાની ફેન છે. ચૂંટણીના ધમધમાટ વચ્ચે સુરેન્દ્રનગરમાં મોદીની સભામાં ભાજપના સૌથી નાના પ્રચારકની મુલાકાત થઈ હતી. આ બાળકી કિરીટસિંહ રાણાના ભાણીબા આદ્યાબા છે, લીંબડી બેઠક પરથી ભાજપના ઉમેદવાર કિરીટસિંહ રાણાના ભાણીબાએ સભા પૂરી થયા બાદ પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી. આધ્યાએ ભાજપ માટે લખેલી એક કવિતા પીએમ મોદીને સંભળાવી હતી. જેમાં ભાજપે ૮ વર્ષમાં કરેલા કામોની વિકાસગાથાને વણી લેવામાં આવી છે. આ કવિતા સાંભળી પીએમ મોદી પણ ખુશ થયા હતા અને તેમણે તાળીઓ વગાડીને બાળકીના ઉત્સાહને બેવડાયો હતો. નાનકડી બાળકીની નિખાલસતા અને છટા પીએમ મોદી પ્રત્યેની લાગણી અને માસૂમિયત જોઈ પીએમ મોદીએ પણ આધ્યાને કહ્યુ કે, યુ આર સો સ્વીટ.



# સાળંગપુરના સ્વામીએ કમળને મત આપવાની અપીલ કરી

### લક્ષ્મીના હાથમાં જે કમળ છે તે બટન દબાવજો અને ગામની શેરીઓ સાફ કરવી હોય, મજૂર થવુ હોય તો બીજા પર બટન દબાવજો

બોટાદ, તા.૨૨

ગુજરાતમાં ચુંટણીનો માહોલ જામ્યો છે. તેવામાં બોટાદના સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરના મહંતનો વીડિયો વાયરલ થયો છે. આ વિડીયોમાં શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીએ કમળને મત આપવાની અપીલ કરતા અનેક તર્કવિતર્ક સર્જાયા છે. મહત્વનું છે કે હરિપ્રકાશ સ્વામીએ કથા દરમિયાન કમળ માટે ઉપસ્થિત લોકોને અપીલ કરી હતી.



હરિદ્વાર ખાતે યોજાયેલી કથામાં શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીએ કહ્યું કે લક્ષ્મીના હાથમાં જે કમળ છે તે બટન દબાવજો અને ગામની શેરીઓ સાફ કરવી હોય, મજૂર થવુ હોય તો બીજા પર બટન દબાવજો. તેમ પણ કહ્યું હતું. એટલું જ નહિ જો વોટ નહીં આપો તો, કોઈને કેવાનો અધિકાર નથી તેમ ઉલ્લેખ કરી મતદાન કરવા જણાવ્યું હતું. મહત્વનું છે કે હાલ ચૂંટણીના માહોલમાં વચ્ચે હરિપ્રકાશ સ્વામીનો શ્રોતાજનોને અપીલ કરતો વીડિયો વાયરલ થતા અનેક તર્ક વિતર્ક સર્જાયા છે.

# ભાજપના પ્રચારક મનોજ તિવારીએ ભોજપુરી અંદાજમાં પ્રચાર કર્યો

### કેજરીવાલ પર નિશાન સાધીને કહ્યું દિલ્હી હવે ગેસ ચેમ્બર બની છે

વડોદરા, તા.૨૨

ગુજરાતમાં હવે વિધાનસભાની ચૂંટણીની તારીખો નજીક આવી રહી છે તેવામાં ભાજપ દ્વારા સમગ્ર ગુજરાત ભરમાં હવે સ્ટાર પ્રચારકોને મેદાનમાં ઉતાર્યા છે. ત્યારે વડોદરાના ડભોઈ બેઠક ઉપર આવેલ ભારત ટોકીઝ વિસ્તારમાં આજે દિલ્હીના સાંસદ અને ભોજપુરી ફિલ્મના સુપરસ્ટાર મનોજ તિવારીએ સભા ગજવી હતી. આ સભામાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. પોતાની ફિલ્મી સ્ટાઈલમાં મનોજ તિવારીએ ભાજપના ડભોઈ વિધાનસભાના ઉમેદવાર શૈલેષ મહેતા માટે મત માંગ્યા હ.તા સાથે સાથે દિલ્હીમાં સત્તા ઉપર રહેલી આમ આદમી પાર્ટી ઉપર પણ આંકરા પ્રહાર કર્યા હતા.



ભોજપુરી ફિલ્મ સ્ટાર મનોજ તિવારીએ ડભોઈમાં સભા ગજવી હતી હતી. ભારત ટોકીઝ પાસે ભાજપના ઉમેદવાર શૈલેષ મહેતા માટે તેમણે મત માંગ્યા હતા. આ સભામાં હરિયાણાના મંત્રી સંદીપસિંહ પણ હાજર રહ્યા હતા. તો ભોજપુરી અંદાજમાં મનોજ તિવારીએ કવિતા ગાઈ લોકોનું દિલ જીત્યુ હતું. તેમણે કહ્યુ હતું કે, નરેન્દ્ર મોદી અને અમિત શાહે ગુજરાત મોડલ સમગ્ર દેશમાં બનાવ્યું છે.

મનોજ કેજરીવાલે આમ આદમી પાર્ટી ઉપર આકરા પ્રહાર કરીને નિશાન સાધ્યુ હતું. મનોજ તિવારીએ કહ્યુ હતું કે, ભગવાન ના કરે ગુજરાતને દિલ્હીને મોડલ મળે. દિલ્હી હવે ગેસ ચેમ્બર બની ગઈ છે. આ સાથે જ મનોજ તિવારીએ પોતાના ઘરે હવે મહેમાન આવવાનું છે અને મનોજ તિવારી ૫૧ વર્ષે નવા મહેમાનને આવકારવાના છે તેવુ કહ્યુ હતું. તેઓએ પોતાના આગવા અંદાજમાં કહ્યું હતું કે આઠ ડિસેમ્બરે ગુજરાતનું રીઝલ્ટ આવવાનું છે, એની સાથે સાથે મારા ઘરે પણ નવા મહેમાનની પધરામનીની થવાની છે.

### ચૂંટણી પહેલા માલધારી સમાજ લાલઘૂમ

# સમગ્ર ગુજરાતના માલધારીઓ ભાજપ વિરુદ્ધ મતદાન કરશે

### રખડતા ઢોર નિયંત્રણ વિધેયકને લઈને માલધારીઓ પહેલેથી જ આક્રમક મોડમાં છે : સરકાર અને માલધારીઓ સામસામે આવી ગયા

અમદાવાદ , તા.૨૨

ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યાં માલધારી સમાજે ભાજપ સામે બાંયો ચઢાવી છે. માલધારી સમાજની માંગણીઓ પૂરી ન થતા સમાજના અગ્રણીઓ લાલઘુમ થયા છે, અને ભાજપ વિરોધી મતદાન કરવાની જાહેરાત કરી છે. ગુજરાત માલધારી મહાપંચાયતના પ્રવક્તા નાગજી દેસાઈએ જાહેરાત કરી કે, આ વિધાનસભાની ચૂંટણીમાં માલધારી સમાજ ભાજપ વિરોધમાં મતદાન કરશે. ગુજરાત માલધારી મહાપંચાયતના પ્રવક્તા નાગજી દેસાઈએ કહ્યું કે, માલધારી સમાજના પડતર પ્રશ્નો ઉકેલવામાં ભાજપ નિષ્ફળ ગયું છે. આવનારા સમયમાં માલધારી સમાજની અવગણના ન થાય તેમજ સમાજના જુના પ્રશ્નો નિકાલ કરવામાં ભાજપ નિષ્ફળ છે. માલધારી વસાહતો બનાવવાની અમારી માંગ પણ પૂર્ણ નથી કરાઈ. શરમમાં આવી માલધારી મત બગાડશે તો આવનારી પેઢી માફ નહિ કરે. આ સાથે નાગજી દેસાઈએ ભાજપ વિરોધી મતદાન કરી સરકારની સાન ઠેકાણે લાવવા સમાજને આહવાન કર્યુ છે. તેમણે વધુમાં કહ્યું કે, અમારી બેન-દીકરીઓ પર અત્યાચાર ગુજારાયો હતો, જેથી ભાજપની સાન ઠેકાણે લાવવા સમગ્ર ગુજરાતમાં માલધારીઓ ભાજપ વિરુદ્ધ મતદાન કરશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતના રખડતા ઢોર નિયંત્રણ વિધેયકને લઈને માલધારીઓ પહેલેથી જ આક્રમક મોડમાં છે. આ મુદ્દે સરકાર અને માલધારીઓ સામસામે આવી ગયા હતા. જેના બાદ માલધારીઓએ આંદોલન છેડ્યુ હતું. ત્યારે પોતાના સમાજની માંગણીઓ પૂરી ન થતા માલધારી સમાજ હવે આકરા પાણીએ જોવા મળી રહ્યો છે. જેના બાદ ભાજપ વિરુદ્ધ મતદાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે સમાજ દ્વારા એક થઈને સૂચનો મંગાવવામા આવ્યા હતા, જેના બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

નાગજી દેસાઈએ કહ્યું કે, સિનીયર આગેવાનો સાથે ચર્ચાવિચારણા કરીને અમે નિર્ણય લીધો છે. ભૂતકાળમાં અમને હેરાન પરેશાન કરવામા આવ્યા. છેલ્લા દોઢ વર્ષમાં માલધારી સમાજની રોજગારી છીનવાઈ ગઈ. જે રીતે ભવિષ્યમાં લાગી છે કે ચૂંટણી બાદ પણ અમારી હાલત ખરાબ થશે. તેથી માલધારી સમાજે નિર્ણય કર્યો કે વર્ષ ૨૦૨૨ ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં અમે ભાજપની વિરુદ્ધમાં મતદાન કરીશું. જેથી તેમની શાન ઠેકાણે આવે.

દેશમાં મોટી સંખ્યામાં માલધારીઓ વસે છે, પરંતુ આપણો મત જ આપણને અધિકાર અપાવી શકે છે. તે આવનાર ચૂંટણીમાં અમે બતાવી દઈશું. અમારી સાથે જે રમતો રમાઈ તે અમે ભૂલ્યા નથી.

## મોતનું કારણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આઠ આરોપીઓની જામીન અરજી પર સુનાવણી થઈ રહી હતી ત્યારે મોરબીના પ્રિન્સિપલ ડિસ્ટ્રીક્ટ અને સેશન જજ પી. સી. જોષી સામે આ પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. આ આરોપીઓમાં ત્રણ સિક્યુરિટી ગાર્ડ અલ્પેશ ગોહીલ, દિલીપ ગોહીલ અને મુકેશ ચૌહાણે જામીન માટે અરજી કરી હતી. આ કાર્યવાહીમાં જાણવા મળ્યું કે આ લોકોને કોઈ ટ્રેનિંગ આપવામાં આવી ન હતી. તેઓ માત્ર લેબર કોન્ટ્રાક્ટર જ હતા. તેમાં તે પણ જણાવવામાં આવ્યુ હતુ કે, તે દિવસે તેમને ભીડને કાબુમાં રાખવા માટેની જવાબદારી આપવામાં આવી હતી. કાર્યવાહીમાં એ પણ જણાવવામાં આવ્યું કે, એક મેનેજરનું કામ હતુ કે તે સ્ટાફને જણાવે કે એકસાથે બ્રિજ પરથી ૧૦૦ લોકો જ જઈ શકે. આ લોકો બ્રિજ પરથી નીચે ઉતરે તે બાદ જ અન્ય લોકોને ત્યાં મોકલવામાં આવે. જોકે, આવું થયુ ન હતુ તેથી તેની પર કલમ ૩૦૪ લાગુ થશે. ડિસ્ટ્રિક્ટ ગવર્મેન્ટ વકીલે વાતચીતમાં જણાવ્યુ કે, એફએસએફ રિપોર્ટ પ્રમાણે, બ્રિજનાં કેબલ પર કાટ લાગેલો હતો, એક્કર તૂટી ગયા હતા, જે દોરીને બ્રિજ સાથે બાંધી રાખે તે એક્કર પણ ઢીલા હતા.

## ઓળખ બદલાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહેચાન બદલાઈ છે. કાશમીરમાં ૩૭૦ ની કલમ પણ દેશ માટે કાળા ટીલા સમાન હતી. જે પણ દુર કરવામાં આવી છે. જયારે અયોધ્યામાં રામમંદિરના મુદ્દે પણ છેલ્લા ૪૫૦ વર્ષથી સંઘર્ષ ચાલતો હતો જેનો પણ અંત આવ્યો છે. અગાઉ ૧૭ વર્ષમાં ૩ .૨૩ કરોડ ઘરોમાં પાણી પહોંચ્યુ હતુ જયારે આજે છેલ્લા અઢી વર્ષમાં ૧૦.૫૦ કરોડ ઘરોમાં પાણી પહોંચતુ થયુ છે. દેશમાં ૧૧ કરોડ શૌચાલયો, ૮ કરોડ ઘરોમાં ગેસની પાઈપલાઈન, અને ૪૦ કરોડ બેંક ખાતા ખોલવામાં આવ્યા છે. ત્યારે હાલ ચુંટણી ટાંણે દિલ્હીથી જુઠનો બાદશાહ ભ્રષ્ટાચારનુ ધન ખર્ચીને ગુજરાતીઓને છેતરવા માટે આવ્યો છે. પરંતુ પંજાબની જેમ ગુજરાતીઓએ તેનાથી છેતરાવાની જરૂર નથી. આગામી ચુંટણીમાં ભાજપની ઐતિહાસિત જીત નિશ્ચિત છે. ત્યારે ગાંધીનગર ઉત્તરની બેઠક પરથી મહીલા ઉમેદવાર રીટાબેન પટેલને પણ જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે તેમણે અપીલ કરી હતી. પેથાપુર ખાતે યોજાયેલી જાહેરસભામાં શહેર ભાજપના અધ્યક્ષ રૂચિર ભટ્ટ, મેયર હીતેશ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, પુર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પુર્વ ધારાસભ્ય અશોક પટેલ, આશિષ દવે , રાજપુત સમાજના કાલુસિંહ વાઘેલા, વિક્રમસિંહ ગોલ પેથાપુરના કોર્પોરેટર અનિલસિંહ વાઘેલા પારુલબેન ઠાકોર સહીત ભાજપના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં જાણીતા કલાકાર ઐશ્વર્યા મજમુદારે ગીતો અને ગરબા રજુ કરી સૌને મોજ કરાવી હતી.

## બસ સેવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગીફટ સીટીમાં કામકાજ માટે જનારની સંખ્યા પણ વિશેષ છે. જયારે પાલજથી શાહપુર સર્કલ અલબત્ત ગીફટ સીટી તરફ જવાના માર્ગ પર બસની સુવિધા પણ નથી. આ મામલે અગાઉ સ્થાનિકો દ્વારા રજુઆત પણ કરવામાં આવી છે. આ વિસ્તારમાં નાઈપર, આઈ આઈ ટી કોલેજ સહીત રહેણાંક વસાહતો પણ છે. છતા બસની સુવિધા ન હોવાથી સ્થાનિકોએ રોજબરોજ હાલાકી વેઠવી પડે છે. ત્યારે આમ નાગરિકોની સલામતીને અનુલક્ષી જરૂરી બસ સેવા ગોઠવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા શહેરી બસ સેવાના સંચાલન ઉપરાંત આસપાસના વિસ્તારમાં પણ આમ નાગરિકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી બસનુ સંચાલન ગોઠવાય તેવી પણ વારંવાર રજુઆત કરવામાં આવે છે. ગાંધીનગર શહેરી બસ સેવામાં જેમ વિવિધ રૂટોનુ યોગ્ય સંચાલન કરવામાં આવે છે તેમ શહેર આસપાસના ગામો તેમજ નજીકના વિવિધ વિસ્તારમાં પણ એસ ટી ની સલામત સવારી નસીબ થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. ગીફટ સીટીમાં રોજબરોજ આવતા નોકરીયાતોની સંખ્યા વિશેષ છે. જયારે પાલજ બાસણના શાહપુર ચોકડીના રૂટમાં પણ અપડાઉન કર્તાઓ વધુ છે. આ વિસ્તારમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ પણ કાર્યરત છે. જેના લીધે યોગ્ય બસ સેવા ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## હિંસા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે. મેં આ ઘટના પર આસામના મુખ્યમંત્રી સાથે વાત કરી અને તેમણે સહયોગનું આશ્વાસન આપ્યું છે. વેસ્ટ કાર્બી આંગલોંગના પોલીસ અધીક્ષક ઈમાદાદ અલીએ 'પીટીઆઈ-ભાષા'ને જણાવ્યું કે ટ્રકને મેઘાલય સરહદ પર આસામ વન વિભાગના એક દળે વહેલી સવારે ત્રણ કલાક આસપાસ રોક્યા હતા.

તેમણે જણાવ્યું કે ટ્રક ન રોકાતા વન વિભાગના કર્મીઓએ તેના પર ગોળીઓ ચલાવી અને તેનું ટાયર પંચર કરી લીધુ. ચાલક, તેનો એક સહાયક અને એક અન્ય વ્યક્તિને ઝડપી લેવામાં આવ્યા, જ્યારે એક વ્યક્તિ ત્યાંથી ભાગી ગયો હતો. અલીએ જણાવ્યું કે વન વિભાગના કર્મીઓએ ઘટનાની જાણકારી જિરિકેન્ડિંગ પોલીસ સ્ટેશનના અધિકારીઓને આપી હતી. ત્યારબાદ પોલીસ સ્થળ પર પહોંચી હતી.

## ધમકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએમ મોદીને જાનથી મારી નાખવાની ધમકી આપતી ઓડિયો ક્લિપમાં કુલ ૭ મેસેજ મોકલવામાં આવ્યા છે. જેને લઈ મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ટીમે મેસેજ મોકલનારને શોધી કાઢવાનો પ્રયાસ કરી રહી છે. હાલ હીરાના વેપારીઓની પૂછપરછ કરવામાં આવી છે. આનું કારણ એ છે કે વોટ્સએપ મેસેજમાં એક ફોટો પણ મોકલવામાં આવ્યો છે. આ ફોટો સુપ્રાભત વેગ નામના વ્યક્તિનો હોવાનું જાણવા મળ્યું છે. આ વ્યક્તિ હીરાના વેપારી સાથે કામ કરતો હતો. તેની શંકાસ્પદ પ્રવૃત્તિઓને કારણે તેને કામમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો.

## નિમણૂંક પત્રો

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે એક ઓનલાઈન ઓરિએન્ટેશન કોર્સ હશે. કર્મયોગી ભારત ટેક્નોલોજી પ્લેટફોર્મમાં અનેક ઓનલાઈન કોર્સ છે, તેનાથી અપસ્કિલિંગમાં ઘણી મદદ મળશે. તેમાં સરકારી કર્મચારીઓ માટે આચાર સંહિતા, કાર્યસ્થળ નૈતિકતા અને અખંડિતતા, માનવ સંસાધન નીતિઓ અને અન્ય લાભ સામેલ હશે. જે તેમને નીતિઓ અને નવી ભૂમિકાઓને નિભાવવામાં મદદ કરશે.